1. સમાજ અંગેના પોતાના વૈજ્ઞાનિક અભ્યાસને ઑગસ્ટ કાંતે સૌપ્રથમ કયું નામ આપ્યું હતું.

➢ સમાજ અંગેના પોતાના વૈજ્ઞાનિક અભ્યાસને ઑગસ્ટ કાંતે સૌપ્રથમ ‘સામાજિક ભૌતિકશાસ્ત્ર’ ('Social Physics') નામ આપ્યું હતું,

2. ઈ. સ. 1930માં ઑગસ્ટ કંતે ‘સામાજિક ભૌતિકશાસ્ત્ર’ને કયું નામ આપ્યું ? શા માટે?

➢ ઈ. સ. 1839માં ઑગસ્ટ કાંતે ‘સામાજિક ભૌતિકશાસ્ત્રને ‘સમાજશાસ્ત્ર’ નામ આપ્યું. કારણ કે તેમને સામાજિક ભૌતિકશાસ્ત્ર’ શીર્ષક પોતાના અભ્યાસ સાથે બંધબેસતું લાગતું નહોતું.

3. ભારતીય સમાજના સંદર્ભમાં ‘સામાજિક તથ્યો’ ક્યા છે?

➢ ભારતીય સમાજના સંદર્ભમાં રિવાજો, પરંપરાઓ વગેરે ‘સામાજિક તથ્યો’ છે.

4. ઈમાઈલ દુખ્રિમે કયા પુસ્તકમાં સામાજિક તથ્યોની સમજૂતી આપી છે?

➢ ઈમાઈલ દુખ્રિમે 'The Rules of Sociologcal Method' પુસ્તકમાં સામાજિક તથ્યોની સમજૂતી આપી છે.

5. હર્બર્ટ સ્પેન્સરે કયાં પુસ્તકોમાં સામાજિક ઉત્ક્રાંતિનો સિદ્ધાંત રજૂ કર્યો હતો ?

➢ હર્બર્ટ સ્પેન્સરે 'The study of Sociology' અને "The Principles of Sociology પુસ્તકોમાં સામાજિક ઉત્ક્રાંતિનો સિદ્ધાંત રજૂ કર્યો હતો.

6. કાર્લ માર્ક્સ સમાજશાસ્ત્રમાં કઈ વિચારશાખાના પ્રણેતા છે?

➢ કાર્લ માર્ક્સ સમાજશાસ્ત્રમાં સંઘર્ષવાદી અને સમાજવાદી વિચારશાખાના પ્રણેતા છે.

7. કાર્લ માર્ક્સ કઈ વિચારધારા પર ભાર મૂક્યો હતો?

➢ કાર્લ માર્ક્સ, “ઐતિહાસિક ઘટનાઓ પર આર્થિક પરિસ્થિતિઓનો પ્રભાવ હોય છે.” એ વિચારધારા પર ભાર મૂક્યો હતો.

8. કાર્લ માર્કસના મત મુજબ ઇતિહાસના પ્રત્યેક તબક્કે કયા બે વર્ગોનું પ્રભુત્વ હોય છે?

➢ કાર્લ માર્કસના મત મુજબ ઇતિહાસના પ્રત્યેક તબક્કે આ બે વર્ગોનું પ્રભુત્વ હોય છે :

(1) માલિક વર્ગ અને (2) શ્રમજીવી વર્ગ.

9. કાર્લ માર્કસે કઈ સમાજવ્યવસ્થાની આકરી ટીકા કરી હતી?

➢ કાર્લ માર્કસે મૂડીવાદી સમાજવ્યવસ્થાની આકરી ટીકા કરી હતી.

10. કાર્લ માર્ક્સે વિશ્વભરના શ્રમજીવીઓને કઈ હાકલ કરી હતી?

- કાર્લ માસે વિશ્વભરના શ્રમજીવીઓને શોષિતવર્ગ તરીકે સંગઠિત થઈ મૂડીવાદી સમાજવ્યવસ્થાને દૂર કરી, વર્ગવિહીન સમાજવ્યવસ્થા સ્થાપવાની હાકલ કરી હતી.

11. કાર્લ માર્ક્સ વર્ગસંઘર્ષ વિશે કૉમ્યુનિસ્ટ મેનિફેસ્ટોમાં શું લખ્યું હતું?

- કાર્લ માર્ક્સ વર્ગસંઘર્ષ વિશે 'કૉમ્યુનિસ્ટ મેનિફેસ્ટોમાં લખ્યું હતું કે, "વર્ગસંઘર્ષ સતત ચાલતી પ્રક્રિયા છે. માનવસમાજનો આજ સુધીનો ઇતિહાસ વર્ગસંઘર્ષનો ઇતિહાસ છે."

12. મેક્સવેબરે કઈ અભ્યાસ પદ્ધતિ રજૂ કરી હતી?

- મેક્સવેબરે 'આદર્શ પ્રકાર' અભ્યાસ પદ્ધતિ રજૂ કરી હતી.

13. અમેરિકામાં સમાજશાસ્ત્રનું અધ્યયન અને અધ્યાપન કાર્ય કોના પ્રયત્નથી શરૂ થયું?

- અમેરિકામાં સમાજ શાસ્ત્રનું અધ્યયન અને અધ્યાપન કાર્ય ઈ. સ. 1876માં અમેરિકાના યેલ (Yale) વિશ્વવિદ્યાલયમાં વિલિયમ ગ્રેહામ સમ્મરના પ્રયત્નથી શરૂ થયું.

14. યુનિવર્સિટી ઑફ કેન્સાસમાં સમાજશાસ્ત્રનો અભ્યાસ ક્યારે શરૂ થયો?

- યુનિવર્સિટી ઓફ કેન્સાસમાં ઈ. સ. 1890માં "Elements of Sociology" (સમાજશાસ્ત્રનાં તત્ત્વો) નામથી સમાજશાસ્ત્રનો અભ્યાસ શરૂ થયો.

15.યુનિવર્સિટી ઓફ બોક્સમાં કોના પ્રયત્નથી સમાજશાસ્ત્રનો અભ્યાસ શરૂ થયો ?

- ઈ. સ. 1895માં યુનિવર્સિટી ઑફ બોક્સમાં ઇમાઇલ દુર્ખિમના પ્રયત્નથી સમાજશાસ્ત્રનો અભ્યાસ શરૂ થયો.

16. કોલકાતા વિશ્વવિદ્યાલયમાં કોના પ્રયત્નોથી સમાજશાસ્ત્રનો અભ્યાસ શરૂ થયો?

- કોલકાતા વિશ્વવિદ્યાલયમાં વજેન્દ્રનાથ શીલના પ્રયત્નોથી સમાજશાસ્ત્રનો અભ્યાસ શરૂ થયો.

17. લખનઉ વિશ્વવિદ્યાલયમાં કોના પ્રયત્નોથી સમાજશાસ્ત્રનો અભ્યાસ શરૂ થયો ?

- લખનઉ વિશ્વવિદ્યાલયમાં રાધા કમલ મુખરજી અને ડી, પી, મુખરજીના પ્રયત્નોથી સમાજશાસ્ત્રનો અભ્યાસ શરૂ થયો.

18. પુણે વિશ્વવિદ્યાલયમાં કોના પ્રયત્નોથી સમાજશાસ્ત્રનો અભ્યાસ શરૂ થયો?

- પુણે વિશ્વવિદ્યાલયમાં ઇરાવતી કર્વેના પ્રયત્નોથી સમાજશાસ્ત્રનો અભ્યાસ શરૂ થયો.

19. કયા સામયિકમાં ગુજરાતના સંશોધકોના સંશોધન લેખો પ્રકાશિત થાય છે?

- 'અર્થ' સામયિકમાં ગુજરાતના સંશોધકોના સંશોધન લેખો પ્રકાશિત થાય છે.

20. સમાજશાસ્ત્રના વિષયક્ષેત્રનું વિસ્તૃત વર્ણન કોણે કર્યું છે?

- સમાજશાસ્ત્રના વિષય ક્ષેત્રનું વિસ્તૃત વર્ણન એલેક્ષ ઈંકલિસ નામના વિદ્વાને કર્યું છે.

21. માનવશાસ્ત્રનું વિષયક્ષેત્ર કયું છે?

- માનવશાસ્ત્ર માનવીના પ્રારંભથી તેનાં સાંપ્રત જીવન સુધીનાં શારીરિક, સાંસ્કૃતિક અને પુરાતત્ત્વીય પાસાંનો અભ્યાસ કરે છે.

22. અર્થશાસ્ત્રનું મુખ્ય ધ્યેય કયું છે?

- અર્થશાસ્ત્રનું મુખ્ય ધ્યેય માનવીના આર્થિક સંબંધોને સમજવાનું છે.

23. રાજ્યવ્યવસ્થા અને મૂડીવાદને સમજવા માટે કોના ખ્યાલનો ઉપયોગ કરવામાં આવે છે?

- રાજ્યવ્યવસ્થા અને મૂડીવાદને સમજવા માટે મેક્સવેબરના નોકરશાહીના ખ્યાલનો ઉપયોગ કરવામાં આવે છે.